## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન તથા AI સેમિનાર યોજાયો




**દાહોદ :** અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, દાહોદ સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ ખાતે ભારતકેર્સ (BharatCares) અને IBM SkillsBuild ના સહયોગથી વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન તથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી નિકુંજ સિદપરા, Sr. Engagement Associate - Future Tech | CSR Programs, CSRBOX Foundation (BharatCares) રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને AI, ડિજિટલ સ્કિલ્સ, ભવિષ્યની કારકિર્દીની તકો તેમજ IBM SkillsBuild દ્વારા ઉપલબ્ધ નિ:શુલ્ક ઓનલાઈન કોર્સ, ડિજિટલ ક્રેડેન્શિયલ્સ અને ઉદ્યોગલક્ષી કૌશલ્ય વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું.

### સેવા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ બાર દ્વારા દત્તક લીધેલ બાળકો માટે શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો



**લીમખેડા :** લીમખેડા તાલુકાના અગારા(ઉ) પગાર કેન્દ્રના સી.આર.સી.બારમાં આવેલી આંબા મુખ્ય પ્રાથમિક શાળા ખાતે સેવા પરિવાર દ્વારા માતા-પિતા વિનાના તથા પિતા વિનાના નોંધાયેલા બાળકો માટે શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમ કિટના મુખ્ય દાતા ધર્મિષ્ઠા બેન સથવારા તથા ડૉ.જયાબેન નિનામાની અધ્યક્ષતામાં યોજાયો હતો. તથા આ વિસ્તારના બાળકોને સતત માર્ગદર્શન આપતા સેવાભાવી મેહુલ ચોધરી ની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો સેવા પરિવાર દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષે નોંધાયેલા કુલ 816 બાળકો પૈકી આજરોજ યોજાયેલા કાર્યક્રમમાં પટવાણ,આંબા મુખ્ય,પટેલ ફળિયા વર્ગ આંબા,ટીંબા,ઘુટિયા તથા ઘાટા ફળિયા વર્ગ ચૈડિયા પ્રાથમિક શાળાના બાળકોને મહેમાનોના હસ્તે ઉદ્ઘાટન સ્વરૂપે યોજાયેલા કાર્યક્રમમાં શૈક્ષિણક કીટ ( એસાઈમેન્ટ,બોલપેન, રબર,સંચો, પેન્સિલ,માર્કરપેન, સ્કેચ પેન,કંપાસ બોક્સ) આપવામાં આવી હતી.

### સરકારી ઈજનેરી કોલેજ, દાહોદનું "AI-Enabled Campus" બનવા તરફ મહત્વપૂર્ણ પગલું



**દાહોદ :** દાહોદ ટેક્નોલોજીના ઝડપથી બદલાતા યુગમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે સક્ષમ બનાવવા તથા કેમ્પસમાં AI આધારિત શિક્ષણ અને ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે **સરકારી ઈજનેરી કોલેજ, દાહોદ દ્વારા "AI-Enabled Campus" બનવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. આ પહેલના ભાગરૂપે કોલેજ ખાતે *IBM-CSRBOXના સહયોગથી *"Generative AI, AI Tools and Their Applications for Engineers"** વિષય પર વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. સત્ર દરમિયાન વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને Generative AIની મૂળભૂત સમજ, વિવિધ આધુનિક AI Tools તેમજ એન્જિનિયરિંગ ક્ષેત્રમાં તેના વ્યવહારિક ઉપયોગો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### દાહોદ દ્વારા રક્ત થકી માનવજાતને જીવતદાન મળે તેવા આશય હેઠળ રક્તદાન કેમ્પ યોજાયો



**દાહોદ :** માનવ સેવા ના કાર્યો ને વરેલી રોટરી ક્લબ ડાયમંડ દાહોદ,શ્રી રાજ કૃપા નર્સિંગ કોલેજ,દાહોદ ના સયુંકત ઉપક્રમે અને ઝાયડસ હોસ્પિટલ દાહોદ ના સહયોગ થી રકતદાન કેમ્પ રાજ કૃપા નર્સિંગ કોલેજ , દાહોદ ખાતે યોજાયો. રક્ત દાન કેમ્પ નો પ્રારંભ રોટરી ક્લબ ડાયમંડ,દાહોદ ના પ્રમુખ રતનસિંગ બામણિયા અને પૂર્ણાહુતિ શ્રી રાજ કૃપા નર્સિંગ કોલેજ ના આચાર્યા સાનિયા બેરી રક્ત દાન કરી ને કરાઈ હતી. નર્સિંગ કોલેજ ના વિદ્યાર્થીઓ અને રક્તદાતાઓ એ 20 જેટલી બોટલો ઝાયડસ હોસ્પિટલ દાહોદ ને આપવામાં આવી હતી. કેમ્પ માં ઉપસ્થિત મહેમાનો ઝાયડસ હોસ્પિટલ,દાહોદ ના સુપ્રીડેન્ટ ડો.શૈલેષભાઈ રાઠોડ , ડો.શિલ્પા શંખે,નગર પાલિકા ના ઉપ પ્રમુખ જુગલબેન પંડ્યા,પૂર્વ પ્રમુખ સયુંકતા બેન મોદી એ રક્ત શરીર નો સૌથી ઉપયોગી તરલ પદાર્થ છે.જે ઓક્સિજન અને પૌષ્ટિક તત્વો શરીર ના અંગો માં પહોંચાડી જીવિત રાખે છે.

**CCTV, નેત્રમ કેમેરા અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ**

# દાહોદની બે ચીલઝડપનો ભેદ ઉકેલાયો, મ.પ્ર થી એક આરોપી ઝડપાયો, ત્રણ હિસ્ટ્રીશીટર જેલમાં

(પ્રતિનિધિ) દાહોદ, તા.21
દાહોદ શહેરમાં ડિસેમ્બર-૨૦૨૫ અને ફેબ્રુઆરી-૨૦૨૯ દરમિયાન બનેલી રૂપિયા ભરેલી થેલીની બે ચીલઝડપની ઘટના નો આખરે દાહોદ પોલીસે સફળ ભેદ ઉકેલી કાઢ્યો છે. છ મહિનાની સતત તપાસ બાદ મધ્યપ્રદેશ ના અનુપપુરથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય ત્રણ આરોપીઓ હાલ મધ્યપ્રદેશના દેવાસ ખાતેની સેન્ટ્રલ જેલમાં બંધ હોવાનું સામે આવ્યું છે. હવે તેમની ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરવામાં આવશે. પોલીસના જણાવ્યા



મુજબ, ડિસેમ્બર -૨૦૨૫માં દાહોદ શહેરના નગરપાલિકા ચોક ખાતે બેંકમાંથી રૂપિયા અઢી લાખ ઉપાડી એક્ટિવા પર જઈ રહેલા વ્યક્તિ પર બહારગામથી આવેલા ગઠિયાઓએ પહેલેથી જ નજર રાખી હતી. તક મળતા જ બાઈક પર આવેલા ત્રણ શખ્ખો રૂપિયા ભરેલી થેલીની ચીલઝડપ કરી ફરાર થઈ ગયા હતા. ઘટનામાં સંડોવાયેલા આરોપીઓ શહેરના કેમેરા અને ઝઝુમાં કેદ થઈ ગયા હતા. યારબાદ ફેબ્રુઆરી ૨૦૨૬માં શહેરના સ્ટેશન રોડ ચાર થાંભલા નજીક શેરડી ના રસના સ્ટોલ પર રસ પીવા રોકાયેલા નિવૃત્ત કર્મચારીની એક્ટિવાની ડિક્કીમાંથી રૂપિયા બે લાખની થેલી બે બાઈક સવાર ગઠિયાઓ નજર ચૂકવી લઈ ફરાર થઈ ગયા હતા. તપાસમાં સામે આવ્યું હતું કે આરોપીઓએ બેંકમાંથી નીકળ્યા ત્યારથી જ પીડિતનો પીછો શરૂ કર્યો હતો. દાહોદમાં બનેલી બંને ઘટનાઓમાં પીડિતો રસ્તામાં રોકાતા આરોપીઓને ગુનો આચરવાની તક મળી હતી. બેંકમાંથી રોકડ રકમ લઈને સીધા પોતાના ગંતવ્ય સ્થળે પહોંચવું અને સાવચેતી રાખવી જરૂરી હોવાનું પોલીસે જણાવ્યું છે. ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસનો રેલો મધ્ય પ્રદેશના અનુપપુર સુધી પહોંચ્યો પૂછપરછ દરમિયાન અન્ય ત્રણ સાગરિતો ના નામ પણ સામે આવ્યા છે.

**આંબાના ઝાડ ઉપર ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું**

## દેવગઢ બારિયાના પીપલોદમાં પરણિતાએ આપઘાત કર્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.21
પોલીસે તપાસ શરૂ કરી દાહોદ જિલ્લાના દે.બારિયા તાલુકા ના પિપલોદ ગામના માતાના મઢ ફળિયામાં એક પરણિતાએ આત્મહત્યા કરી લીધી છે શિલ્પાબેન રમેશ ડાયરા નામની યુવતીને ગામમાં આવેલ એક આંબા ના ઝાડ ઉપર ગળે ફાંસો ખાઈ જીવન નો અંત આણ્યો હતો આ ઘટના ને જાણ થતા જ સ્થાનિક ગ્રામજનો દ્વારા તાત્કાલિક પિપલોદ પોલીસ સ્ટેશન જાણ કરવામાં આવી હતી. પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો.

પિપલોદ પોલીસે ઘટના સ્થળે નિરીક્ષણ કરી મૃતદેહ નો કબજો મેળવ્યો હતો મૃતદેહ ને પોસ્ટમોટમ



માટે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતીપોલીસએ અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી દીધી છે આત્મઘાતી પગલા પાછળનુ મુખ્ય કારણ અકબંધ હાલમા આ આત્મઘાતી પગલા પાછળનું સચોટ કારણ અકબંધ હાલમાં આ આત્મઘાતી પગલા પાછળનુ સચોટ કારણ જણાઈ આવ્યું નથી મૃતક મહિલા એ કયા કારણસર આ અંતિમ પગલું ભર્યું તે તપાસનો વિષય બન્યો છે.

**કલેક્ટરથી લઈ ગૃહમંત્રી સુધી લડાયક રજૂઆત**

## પંચમહાલમાં 'રેતી માફિયા'નો આતંક ગોમા નદીનું અસ્તિત્વ જોખમમાં

(પ્રતિનિધિ) કાલોલ, તા.22
પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં આવેલી ગોમા નદી હાલ ખનિજ માફિયાઓ માટે કમાણીનું મુખ્ય કેન્દ્ર બની ગઈ હોવાનો સળગતો મામલો સામે આવ્યો છે. વેજલપુરના જાગૃત નાગરિક દ્વારા પંચમહાલ જિલ્લા કલેક્ટર સહિત રાજ્યના ગૃહવિભાગ સુધી લેખિત રજૂઆત કરી ગોમા નદીમાંથી થતી કરોડો રૂપિયાની ગેરકાયદેસર રેતી ચોરી તાત્કાલિક અટકાવવા અને માફિયાઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.અરજીમાં કરાયેલા ગંભીર આક્ષેપો અનુસાર, કાલોલ તાલુકાના ધુસર, ભેરવની મુવાડી તેમજ અગાસીની મુવાડી ગામો નજીકથી પસાર થતી ગોમા નદીના પટમાંથી દરરોજ રાત-દિવસ ટ્રેક્ટરો અને વાહનોના કાફલા દ્વારા ગેરકાયદેસર રીતે રેતીનું ખોદકામ અને વહન કરવામાં આવી રહ્યું છે. આ કાળો કારોબાર કરોડો રૂપિયા સુધી પહોંચ્યો છે, જેના કારણે એક તરફ નદીનું નિવસનતંત્ર જોખમાયું છે તો બીજી તરફ રાજ્ય સરકારની તિજોરીને કરોડો રૂપિયાના રોયલ્ટી અને મહેસૂલનું ભારે નુકસાન થઈ રહ્યું છે. રજૂઆતમાં દર્શાવ્યા મુજબ, ખનિજ ચોરીમાંથી કમાયેલા કાળા નાણાંનો ઉપયોગ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અસામાજિક અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવવા માટે થઈ રહ્યો છે.

ખનિજ માફિયાઓ પોતાના આર્થિક જોરે આસપાસના ગામોના નિર્દોષ ગ્રામજનો પર લુખ્ખી દાદાગીરી અને ધાક-ધમકીઓ આપી રહ્યા છે, જેના કારણે સ્થાનિક લોકોમાં ભય અને અસંતોષનું વાતાવરણ ઊભું થયું છે.ગેરકાયદેસર ખનિજ ચોરીને કાયમી ધોરણે નાબૂદ કરવા માટે અરજદારે નીચે મુજબના ચોક્કસ પગલાં ભરવા સૂચન કર્યું છે.

## કાલોલના બોરૂ ગામે બે જૂથો વચ્ચે મારામારી: સામસામી ફરિયાદ નોંધાઈ

કાલોલ : દકાલોલ તાલુકાના બોરૂ (બોરૂની મુવાડી) ગામે પાળેલા કૂતરા અને રસ્તામાં ટ્રેક્ટર મૂકવા જેવી બાબતે બે પાડોશી પક્ષો વચ્ચે ગાળાગાળી અને મારામારીનો બનાવ બન્યો છે. આ ઘટના સંદર્ભે કાલોલ પોલીસ સ્ટેશન ખાતે બંને પક્ષો દ્વારા સામસામી ફરિયાદો નોંધાવવામાં આવી છે ફરિયાદી લક્ષ્મીબેન રાજેશભાઈ સોલંકી ના જણાવ્યા અનુસાર, ૧૯ જુલાઈ ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે તેઓ પોતાની પાળેલી કૂતરી લઈને બહાર નીકળ્યા હતા. તે વખતે સામા પક્ષના ધર્મિષ્ઠાબેન પ્રતાપસિંહ સોલંકીએ પોતાના કૂતરાઓને તેમની કૂતરી પાછળ દોડાવ્યા હતા. આ બાબતે બોલાચાલી થતાં સામા પક્ષ તરફથી ગાળાગાળી કરવામાં આવી હતી અને પ્રતાપસિંહ સોલંકી પાવડો લઈને મારવા દોડ્યા હતા.

**કિશોરીઓએ આરોગ્ય ક્ષેત્રે મેળવ્યું પ્રત્યક્ષ માર્ગદર્શન**

## બાલિકા પંચાયત જાંબુઘોડા દ્વારા શૈક્ષણિક અને ક્ષેત્રિય મુલાકાતનુ વિશેષ આયોજન

(પ્રતિનિધિ) ગોધરા, તા.21
કિશોરીઓમાં આરોગ્ય વિષયક સજાગતા વધે અને તેઓ સરકારી આરોગ્ય તંત્રની વિવિધ કામગીરીથી માહિતગાર થાય તેવા શુભ આશય સાથે બાલિકા પંચાયત જાંબુઘોડા દ્વારા વિશેષ શૈક્ષણિક અને ક્ષેત્રિય વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. બાલિકા પંચાયતના સરપંચ, ઉપસરપંચ અને સભ્યોએ આંગણવાડી કેન્દ્ર જાંબુઘોડાના સહયોગથી સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC), જાંબુઘોડાની સત્તાવાર મુલાકાત લીધી હતી. આ ક્ષેત્રિય પ્રવાસ દરમિયાન બાલિકા પંચાયતના હોદ્દેદારો ઉપરાંત આંગણવાડી કાર્યકર બહેનો અને તેડાગર બહેનો પણ ઉત્સાહભેર જોડાયા હતા.



CHC સેન્ટર ખાતે ઉપસ્થિત ડૉક્ટર અને આરોગ્ય સ્ટાફ દ્વારા દીકરીઓને હોસ્પિટલના વિવિધ મહત્વપૂર્ણ વિભાગોની રૂબરૂ મુલાકાત કરાવીને તેની કામગીરી સમજાવવામાં આવી હતી. મુલાકાત દરમિયાન દીકરીઓને હોસ્પિટલના બાળ જન્મ અને શસ્ત્રક્રિયા અંગેની સામાન્ય જાણકારી,કિશોરાવસ્થા દરમિયાન થતા શારીરિક-માનસિક ફેરફારો અને પોષણ અંગેનું માર્ગદર્શન દવા-ગોળી સ્ટોર રૂમ તથા ડ્રેસિંગ રૂમ મફત નિદાન અને નિ:શુલ્ક દવા વિતરણ પદ્ધતિ,કટોકટીના સમયની ઈમરજન્સી સેવાઓ અને રક્તદાનનું મહત્વ,કુપોષિત બાળકોની વિશિષ્ટ સંભાળ અને સારવાર વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત સ્થળ પર હાજર ડૉક્ટર દ્વારા હોસ્પિટલની દૈનિક કામગીરી, કિશોરી આરોગ્ય અને સરકારી યોજનાઓ હેઠળ મળતી આરોગ્ય વિષયક સેવાઓ અંગે દીકરીઓને સરળ ભાષામાં વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

**૪ શખ્સો સામે ગુનો દાખલ કરાયો**

## લીમખેડાના મોટી બાંડીબાર ગામે LCBની રેડ, સ્મશાન નજીક ચાલતું જુગારધામ ઝડપાયું

(પ્રતિનિધિ) દાહોદ, તા.21
દાહોદ જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર ગામે સ્થાનિક ગુના શોધક શાખા (LCB) એ બાતમીના આધારે એક ખુલ્લા જુગારધામ પર સફળ દરોડો પાડી ચાર શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે. મોટી બાંડીબાર ગામના હક્કુ નદી કિનારે આવેલા સ્મશાન નજીક ખુલ્લામાં કેટલાક ઈસમો ગંજીપત્તા વડેહાર-જીતનો જુગાર રમી રહ્યા હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે આયોજનબદ્ધ રીતે દરોડો પાડતાં જુગારીઓમાં નાસ ભાગ મચી ગઈ હતી. જોકે, પોલીસે કોર્ડન કરીને સ્થળ પરથી ચાર



શખ્સોને જુગાર રમતા રંગેહાથ દબોચી લીધા હતા. ઝડપાયેલા આરોપીઓમાં મિથુનભાઈ લબાના ,પ્રહલાદસિંહ લબાના, હિતેશકુમાર લબાના, મીલન કુમાર પટેલ પોલીસે રેડ દરમિયાન આરોપીઓ ની અંગ ઝડતી તેમજ દાવ પરથી રોકડા રૂપિયા, ૩ નંગ મોબાઈલ ફોન અને એક મોટરસાયકલ સહિત કુલ રૂપિયા ૧,૧૯,૨૭૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**દાહોદ LCB પોલીસની સફળતા**

## ૭૮.૨૬ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.21
ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તરફ એક મોટી કાર્યવાહી હાથ ધરી છે. દાહોદ ની ટીમે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે એક શંકાસ્પદ ટ્રકને અટકાવી ને તેમાંથી ગેરકાયદેસર રીતે લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો છે. ૨૯૦ પેટી દારૂ સહિત કરોડોનો મુદ્દામાલ જપ્ત કરી લીસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ LCB ટીમે ટ્રકની તલાશી લેતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૨૯૦ પેટીઓ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂનો આ જથ્થો અને ગુનામાં ઉપયોગમાં લેવાયેલી ટ્રક સહિત કુલ ૭૮,૨૯,૮૬૦



(રૂપિયા ૭૮.૨૯ લાખથી વધુ ને મુદ્દામાલ સ્થળ પરથી કબ્જે કર્યો છે.આ ગેરકાયદેસર હેરાફેરી ના મામલે પોલીસે ઘટના સ્થળેથી એક આરોપીની અટકાયત કરી લીધી છે. જ્યારે આ નેટવર્ક પાછળ સંડોવાયેલા અન્ય ફરાર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. દાહોદ પોલીસ દ્વારા પકડાયેલા આરોપી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ સપ્લાય કરવાનો હતો તે દિશામાં આગળની સઘન તપાસ હાથ ધરી છે. ગુનો નોંધીને, આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો.

**સામાજિક, સાંસ્કૃતિક, આરોગ્ય અને ગ્રાહકલક્ષી કાર્યક્રમો યોજાયા**

## ગોધરામાં બેંક ઓફ બરોડા દ્વારા ૧૧૯મા સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) ગોધરા, તા.21
ભારતની અગ્રણી સાર્વજનિક ક્ષેત્રની બેંકોમાંની એક એવી બેંક ઓફ બરોડા દ્વારા પંચમહાલ જિલ્લામાં સેવા, વિશ્વાસ અને સામાજિક વિકાસ પ્રત્યેની પોતાની કટિબદ્ધતાને વ્યક્ત કરતા વિવિધ સામાજિક, સાંસ્કૃતિક, આરોગ્ય અને ગ્રાહકલક્ષી કાર્યક્રમો સાથે તેનો ૧૧૯મો સ્થાપના દિવસ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. વોકાથોનથી કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ્ય બેંક કર્મચારીઓ તેમજ સામાન્ય જનતામાં શારીરિક સુદ્રઢતા, આરોગ્ય અને સ્વચ્છ પર્યાવરણ પ્રત્યે જાગરૂકતા લાવવાનો હતો. ત્યારબાદ બેંક ઓફ બરોડાની પ્રાદેશિક કાર્યાલય, ગોધરા ખાતે ગ્રાહકો અને નિવૃત્ત




કર્મચારીઓની ઉપસ્થિતિમાં દીપ પ્રજ્જવલન તથા બેંકના સંસ્થાપક દુરંદેશી મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાની છબીને પુષ્પહાર અર્પણ કરી દિવસના વિવિધ કાર્યક્રમોની વિધિવત શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે બેંક ઓફ બરોડા, ગોધરા રીજનના પ્રાદેશિક વડા કૌશલ કિશોર પાંડેએ ઉપસ્થિત સભાને સંબોધિત કરી હતી.

**દાહોદમાં રથયાત્રામાં દાનના બહાને લાખોની છેતરપિંડી કરનાર ટોળકી ઝડપાઇ**

# દાહોદમાં સોના ચાંદી વેપારી સાથે છેતરપિંડી કરનાર ત્રિપુટી ઝડપાઈ

LCBએ ૩૮.૮૦ લાખના મુદ્દામાલ સાથે ૩ આરોપીઓને દબોચ્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.22
દાહોદમા નકલી બેંક ઉભી કરી અને રથયાત્રામાં દાન આપવાના બહાને એક વેપારી સાથે ૨૦૦ ગ્રામ સોનાના બિસ્કિટની છેતરપિંડી આચરનાર આંતરરાજ્ય ગેંગનો દાહોદ પોલીસે પર્દાફાશ કર્યો છે. દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે ગણતરીના કલાકોમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને ત્રણ રીઢા ગુનેગારોને મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.દાનના બહાને વેપારીને જાળમાં ફસાવ્યો મળતી માહિતી મુજબ, શાતિર આરોપીઓએ આગામી રથયાત્રા મહોત્સવમાં મોટું દાન આપવાની જાહેરાત કરીને સ્થાનિક વેપારી ને વિશ્વાસમાં લીધો હતો. આ માટે તેઓએ એક નકલી બેંકનું આખું માળખું પણ ઉભું કર્યું હોવાનું સામે આવ્યું છે. વેપારીનો ભરોસો જીત્યા બાદ, આરોપીઓ તેમની પાસેથી ૨૦૦ ગ્રામ સોનાના બિસ્કિટ પડાવીને રફુચક્કર થઈ ગયા હતા. છેતરપિંડી નો ભોગ બન્યાનો અહેસાસ થતાં જ વેપારીએ પોલીસનો સંપર્ક કર્યો હતો.



**ઝાલોદ ચેકપોસ્ટ પરથી ફિલ્મી ઢબે ધરપકડ**

પોલીસે આરોપીઓ પાસેથી મુદ્દામાલ જપ્ત કર્યો ૨૦૦ ગ્રામ સોનું (જેવેપારી પાસેથી પડાવવામાં આવ્યું હતું)ગુનામાં ઉપયોગ માં લેવાયેલ કાર અન્ય સામગ્રી મળીને કુલ ૩૮,૮૦, ૫૯૦ નો મુદ્દામાલ કબજે કરાયો છે. પકડાયેલી ટોળકી માં ગુજરાત અને રાજસ્થાનના ગુનેગારો સામેલ દીપક રાજપૂત (રહે. દાંતાલી ગામ, જી. ખેડા, ગુજરાત)લલિત રાઠોડ (રહે. જોધપુર, રાજસ્થાન)આદીલ મકરાણી (રહે. કુશળગઢ, રાજસ્થાન) પોલીસની કામગીરીને જનતાનો આવકાર ધાર્મિક મહોત્સવના નામે છેતરપિંડી આચરતી આ ગેંગને ગણતરીના સમયમાં જેલના સળિયા પાછળ ધકેલીને દાહોદ પોલીસે પ્રશંસનીય કામગીરી કરી છે.

**નીટ પરીક્ષામાં ધી એમ.જી.એસ. હાઇસ્કૂલ કાલોલના વિદ્યાર્થીઓ ઝળક્યા**

## પરમાર પ્રિયંકા ૮૨૦માંથી ૫૯૦ ગુણ સાથે જિલ્લામાં પ્રથમ આવી

(પ્રતિનિધિ) કાલોલ, તા.21
વર્ષ ૨૦૨૫/૨૬ દરમિયાન યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની પ્રવેશ પરીક્ષા નીટ (NEET) માં ધી એમ.જી.એસ. હાઈસ્કૂલ, કાલોલના વિદ્યાર્થીઓએ શાનદાર પરિણામ મેળવી સંસ્થાનું તેમજ સમગ્ર પંચમહાલ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ પરીક્ષામાં ધી એમ.જી.એસ. હાઈસ્કૂલ, કાલોલની તેજસ્વી વિદ્યાર્થીની પરમાર પ્રિયંકાબેન કરસનભાઈ એ ૭૨૦ ગુણમાંથી ૫૯૦ ગુણ મેળવી સમગ્ર પંચમહાલ જિલ્લામાં પ્રથમ સ્થાન (જિલ્લા પ્રથમ) મેળવવાની વિશિષ્ટ સિદ્ધિ હાસલ કરી છે. આ ઉપરાંત શાળાની વિદ્યાર્થીની ખુશ્બુ ભાઈલાલભાઈ એ ૩૦૨ ગુણ મેળવ્યા છે. આ સાથે શાળાના



અન્ય પણ ઘણા વિદ્યાર્થીઓએ ૨૦૦ થી વધુ ગુણ મેળવી ઉત્કૃષ્ટ સફળતા પ્રાપ્ત કરી છે.આ તમામ વિદ્યાર્થીઓએ મેળવેલ ઉત્કૃષ્ટ સિદ્ધિથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં આનંદ અને હર્ષની લાગણી જોવા મળી રહી છે. વિદ્યાર્થીઓની આ સફળતા બદલ શાળાના આચાર્ય વી.એ. ચૌહાણ દ્વારા તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.